
# બીજ



વાહ...! હું તો બીજ ! મને ના સમજો નાનું મારામાં તો ભરાયા-સમાયા અનાજ ભંડારો. મોટા મોટા વૃક્ષો, અઢળક અઢળક રંગ-બેરંગી ફૂલો, ખાતા ખાતા ના ખૂટે એટલા એટલા ફળો. બોલો હું છું નાનું ! મારામાં કેટલું છે સમાયેલું.

તમે મને ઓળખો છો, રમો સંગે, ઉનાળે ખાવ કેરી, ગોટલો નાખ્યો ઉકરડે, ચોમાસે આવ્યો વરસાદ, ગોટલો થયો આંબો. ઠીક પડે તો ખેતરવાડી વાવો. નહીં તો જાતને ઘસી મારી પીપૂડી બનાવો-વગાડો.

બીજ કહો ! બિયારણ કહો ! કહો બિયુ ! કરો વિજ્ઞાનપ્રયોગો મારી સાથે ! એકમાંથી અનેકગણું હું થાતું. ! કપાસ બીજથી સૂતર કાંતી કપડાં વણો ! મગફળી-દિવલાએ તેલ બનાવો ! ઘઉં બાજરી અનાજ બીજે પેટ ભરો તમારું ! દવા કામે આવું એવું હું બીજ રૂપાળું.

બીજે રંગબેરંગી ફૂલો ખીલે. હવા સંગે આમતેમ વિખરાઈ જમીને જાત સંતાડું. વરસાદ વસંતે અંકુરિત થઈ પર્ણો ખીલવું. ઓળખી શકો છો ખરા હું હતું બીજ નાનું !

બી સારું તો ઉતાર સારો. બી પહેલાં કે ઝાડ એવી અવઢવમાં ના પડો. બી વિનાનો ના કોઈ સજીવ સંસાર સારો. બી તણો મહિમા અપરંપાર.

વાવશો એવું લણશો,
માવજતે કરો એવું ભરશો,
હવે તમે ના કહેશો,
મુજને હું છું બીજ નાનું.

લેખક : રશીદ મુનશી